મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૬-૦૨-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૨૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

## રાજ્યમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસ માટે રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે

# રાજ્યના ૬.૮૩ લાખથી વધુ વિદ્યાર્થીઓની સરકારે કરી મદદ અભ્યાસ માટે આપી રૂપિયા ૧૪૬૫ કરોડથી વધુની શિષ્યવૃત્તિ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

વિધાનસભાના બજેટ સત્રમાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના વર્ષ ૨૦૨૪-૨૫થી બંધ કરવા અંગેના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા તા. ૨૮ ઑક્ટોબર, ૨૦૨૪ના ઠરાવથી વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષથી આ યોજના હેઠળ માત્ર મેનેજમેન્ટ ક્વોટા હેઠળ અપાતી શિષ્યવૃત્તિ યોજના બંધ કરવામાં આવી છે. જ્યારે એ પહેલાં વર્ષ ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪માં પ્રવેશ મેળવનારા મેનેજમેન્ટ ક્વોટા સહિત તમામ ક્વોટાના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. જેથી આવા એક પણ વિદ્યાર્થીના અભ્યાસને અસર થશે નહીં, તેવો વિશ્વાસ મંત્રીએ વ્યક્ત કર્યો હતો.

આ અંગે મંત્રીએ જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ કે જેઓની માતા- પિતા વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦/- લાખ સુધીની હોય તેઓને આ યોજના હેઠળ ૭૫:૨૫ના ધોરણે પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સામાન્ય વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ નિયત કરવામાં આવી છે. જ્યારે રૂ.૨.૫૦ લાખથી વધુ કૌટુંબિક આવક ધરાવતી કન્યાઓ માટે વર્ષ ૨૦૦૮થી રાજ્ય સરકાર દ્વારા 'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના' અન્વયે શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવે છે.દરમિયાન, કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના અંતર્ગત તા. ૦૧ એપ્રિલ, ૨૦૨૨ની અસરથી નવી ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા તા.૨૮ ઑક્ટોબર, ૨૦૨૪ના ઠરાવ મુજબ મેનેજમેન્ટ ક્વોટા સંદર્ભેની સૂચનાઓના કારણે નવા વર્ષમાં પ્રવેશ મેળવેલા આદિજાતિના વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ન થાય તે માટે વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખી, રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૫ એપ્રિલ, ૨૦૨૪ના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪માં પ્રવેશ મેળવનારા તમામ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને તથા વધુ આવક ધરાવતી કન્યાઓ માટે પણ જૂની ગાઈડલાઈન પ્રમાણે ચૂકવણું કરવા મંજૂરી આપવામાં આવી છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાજ્યમાં સરકારી અને મેનેજમેન્ટ ક્વોટાની વિગતો આપતાં મંત્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું કે ગુજરાત સરકાર દ્વારા તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૯ના નોટિફિકેશનથી પ્રોફેશનલ ટેકનિકલ કોર્ષ ચલાવતી બિન- અનુદાનિત કોલેજો અથવા સંસ્થાઓમાં કુલ મંજૂર બેઠકોના ૫૦ ટકા સરકારી ક્વોટા, જ્યારે ૧૫ ટકા એનઆરઆઈ ક્વોટા સહિત ૫૦ ટકા બેઠકો મેનેજમેન્ટ ક્વોટા તરીકે નિયત કરવામાં આવે છે.

આ જ પ્રકારે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૨ જૂન, ૨૦૧૮ના નોટિફિકેશનથી પ્રોફેશનલ નર્સિંગ અને અલાઈડ મેડિકલ એજ્યુકેશન કોર્ષ ચલાવતી બિન-અનુદાનિત કૉલેજો અથવા સંસ્થાઓમાં કુલ મંજૂર બેઠકોના ૭૫ ટકા સરકારી ક્વોટા, જ્યારે ૧૫ ટકા એનઆરઆઈ ક્વોટા સહિત ૨૫ ટકા બેઠકો મેનેજમેન્ટ ક્વોટા તરીકે નિયત કરવામાં આવી છે.

જે અંતર્ગત, સ્વનિર્ભર સંસ્થાઓમાં ચાલતા પ્રોફેશનલ ટેકનિકલ અને મેડિકલ/પેરામેડિકલ કોર્ષમાં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા સરકારી બેઠકો, મેનેજમેન્ટ બેઠકો અને દ્વૈ બેઠકોની અલગ-અલગ ફી નિયત કરવામાં આવે છે.

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આપવામાં આવતાં ફ્રી શીપ કાર્ડ અંગે વિગતો આપતાં મંત્રીએ જણાવ્યું કે ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે આ વિદ્યાર્થીઓ ફી ભર્યા સિવાય કૉલેજમાં પોતાનો પ્રવેશ કન્ફર્મ કરી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫થી કૉલેજને બાંહેધરી તરીકે ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે.આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૨,૯૧૪ વિદ્યાર્થીઓને રૂ.૨૨૧.૪૩ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૬,૮૧૮ વિદ્યાર્થીઓને રૂ.૧૨૯.૫૮ કરોડ, જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૮,૮૦૪ વિદ્યાર્થીઓને રૂ.૨૭૧.૫૧ કરોડની રકમની શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું.

જે અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ૮,૧૭૮ વિદ્યાર્થિનીઓને રૂ.૬૮.૯૯ કરોડ, ૨૦૨૨-૨૩માં ૬,૪૧૨ વિદ્યાર્થિનીઓને રૂ.૭૧.૮૪ કરોડ, ૨૦૨૩-૨૪માં ૪,૮૫૨ વિદ્યાર્થિનીઓને રૂ.૬૨.૬૩ કરોડ એમ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ ૧૯,૪૪૨ વિદ્યાર્થિનીઓને રૂ.૨૦૩.૪૭ કરોડની રકમની શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો છે તેમજ ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫માં ૩,૩૫૬ વિદ્યાર્થિનીઓને રૂ.૫૯.૪૮ કરોડની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે અને હાલ પણ ચૂકવણીની પ્રક્રિયા ચાલું છે તેમ મંત્રી ડીંડોરે જણાવ્યું હતું.




## મહાનગરપાલિકાએ શેરડીના કોલાના ઠેકા માટે હરાજી યોજી

# મહેસાણામાં ટ્રાફિક અને લોકોને અડચણ ન થાય તે રીતે ૨૦ જગ્યાઓ નક્કી કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫



મહેસાણા શહેરમાં ઉનાળાની શરૂઆત પહેલા જ મહાનગરપાલિકાએ શેરડીના કોલાના ઠેકા માટે હરાજી યોજી હતી. શહેરમાં ટ્રાફિક અને લોકોને અડચણ ન થાય તે રીતે સર્વે કરીને ૨૦ જગ્યાઓ નક્કી કરવામાં આવી હતી.હરાજીમાં ૧૭ જગ્યાઓ માટે વેપારીઓએ બોલી લગાવી હતી. આ હરાજીથી મહાનગરપાલિકાને ૧૯.૩૮ લાખ રૂપિયાની આવક થઈ છે. ત્રણ જગ્યાઓ હજુ પેન્ડિંગ રહી છે. ગત વર્ષે ૩૦ જગ્યાઓની હરાજીથી મનપાને ૧૮ લાખની આવક થઈ હતી. આ વર્ષે માત્ર ૧૭ જગ્યાઓથી જ ગયા વર્ષ કરતાં એક લાખ રૂપિયા વધુ આવક મળી છે. બાકી રહેલી જગ્યાઓ પર શેરડીના કોલા માટે પરવાનગી આપવી કે નહીં તે અંગે હજુ નિર્ણય લેવાનો બાકી છે.

## શ્રી મહેસાણા શહેર દશનામ ગોસ્વામી મંડળ

# મહેસાણા શહેર ૮૪ વિદ્યા સંકુલમાં દશનામ ગોસ્વામી સમાજના સમુહલગ્ન યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મહેસાણા શહેર દશનામ ગોસ્વામી મંડળ દ્વારા આયોજીત પ્રથમ સમુહલગ્ન યોજાયા. જેમાં ૨૧ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.જેમાં સંતો- મહંતોના આશીર્વચનની સાથે સમૂહ લગ્નની શરૂઆત કરી હતી.

મહેસાણા શહેરના દશનામ ગોસ્વામી મંડળના પ્રમુખ ગોસ્વામી ધૃમેશગીરી ચંદુગીરી (ખોડિયાર ડીજીટલ લાઈન, મહેસાણા) તેમજ મંત્રી ગોસ્વામી નોજભારતી ગણપતભારતી તથા કારોબારી સભ્યો અને જ્ઞાતિબંધુઓની હાજરીમાં સુંદર આયોજન કરી ભોજન વ્યવસ્થા અને કરીયાવર આપી દિકરીઓને ૩.૩૦ કલાકે વિદાય કરેલ હતી.

જેમાં તમામ દાતાશ્રીઓનો સાથ- સહકાર મળેલ અને તેમનું પુષ્પગુચ્છોથી અને સાલેથી સન્માન કરવામાં આવ્યું હતુ.

અમારા આંમંત્રણને માન આપી ધારેલ સર્વે જ્ઞાતિબંધુઓ, આગેવાનો તેમજ સંતો- મહંતોનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

## આવતા માસમાં પી.એમ. નરેન્દ્ર મોદી સપ્તાહમાં જ બે વખત ગુજરાતનાં પ્રવાસે

# તા.૨ અને 3 માર્ચનાં રોજ સાસણ - સોમનાથ તેમજ તા.૭ અને ૮ મીએ સુરત - નવસારી જશે

અમદાવાદ,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્રમોદી આવતા માર્ચ માસ દરમ્યાન બે વખત ગુજરાતના પ્રવાસે આવનાર છે .માર્ચની શરૂઆતમાં, તા.૨નાં રોજ અને ત્યારબાદ તા.૭ અને ૮ માર્ચ પી.એમ.આવી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર પી.એમ.નાં આ પ્રવાસનાં પગલે તડામાર પુર્વ તૈયારીમાં પડી ગઈ છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી માર્ચ મહિનામાં ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. જાણકારી મુજબ પીએમ મોદી માર્ચ મહિનાની શરૂઆતમાં બે વખત ગુજરાતની મુલાકાતે આવશે જેમાં સૌ પ્રથમ તેઓ ૨ અને ૩ માર્ચ તે બાદ ૭ અને ૮ માર્ચે તેઓ ગુજરાતમાં બે અલગ-અલગ વિસ્તારની મુલાકાત લેશે.

મળતી માહિતી મુજબ ડ્ખ મોદી આવનારા મહિનાની ૨ અને ૩ માર્ચના રોજ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. જેમાં ૨ માર્ચના રોજ સાસણમાં સિંહ દર્શન અને રાત્રી રોકાણ કરશે. મહત્વનું છે કે, વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદી પહેલી વખત ગીરની મુલાકાતે આવી રહ્યા છે.

૩ માર્ચે વિશ્વ વન્યસૃષ્ટિ દિવસ છે એટલે તે દિવસે પીએમ મોદી નેશનલ વાઈલ્ડલાઈફ બોર્ડના અધ્યક્ષ હોવાથી બેઠકમાં ભાગ લેવા સાસણ આવશે. ત્યારબાદ ૩ માર્ચના રોજ તેઓ સોમનાથ મંદિરે જશે.

પીએમ મોદી ૭ અને ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસ સહિતની ઉજવણી માટે તેઓ સુરત અને નવસારીની મુલાકાતે આવશે. જેમાં ૭ માર્ચે પીએમ મોદી સુરતમાં સાંજના સમયે અહીંના લિંબાયત વિસ્તારના નીલગીરી મેદાનમાં સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે.

આ દરમિયાન સુરતમાં જ રાત્રી રોકાણ કરી બીજે દિવસે સવારે નવસારીમાં વિશ્વ મહિલા દિવસના કાર્યક્રમમાં હાજરી આપશે. અહીં તેઓ મહિલાલક્ષી યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરશે.

ત્યાર બાદ ૮ માર્ચની સાંજે નવસારીથી દિલ્હી જવા માટે રવાના થશે.ત્યારે પીએમ મોદીના આ કાર્યક્રમને લઈને તંત્ર દ્વારા પણ તૈયારીઓ શરુ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે.

## મહેસાણાની સગીરાએ માતાના મોબાઈલનો ઉપયોગ કરીને યુવક સાથે પ્રેબસંબંધ બાંધ્યા

# જનેતાએ અભયમ ટીમનો સંપર્ક કરતાં સગીરાનું કાઉન્સેલિંગ કરી બચાવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫




મહેસાણામાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જ્યાં એક સગીરા અભ્યાસના બહાને માતાનો મોબાઈલ લઈ સોશિયલ મીડિયા પર એક યુવક સાથે પ્રેમસંબંધ બાંધ્યા હતા. સગીરા જેના પ્રેમમાં પડી એ યુવક અમદાવાદનો રહેવાસી છે અને બંને વચ્ચે છેલ્લા એક વર્ષથી આભાસી પ્રેમસંબંધ ચાલતો હતો.

દીકરીના બદલાયેલા વર્તનથી માતાને શંકા જતાં તેમણે પોતાનો મોબાઈલ તપાસ્યો હતો. જેમાં દીકરીએ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ બનાવ્યા હતા. જેમાં તે પ્રેમસંબંધમાં રાચતી હતી. માતાએ અભયમની મદદ લઈને દીકરીને આભાસી પ્રેમમાંથી બચાવી હતી.

મહેસાણાની સગીરાએ માતાના મોબાઈલનો ઉપયોગ કરીને યુવક સાથે સંપર્ક આવી હતી. આ સંબંધ સમય જતાં વધુ ગાઢ બન્યો હતો. જોકે, સગીરાની માતાને તેની દીકરીની વર્તણૂકમાં શંકા જતાં તેમણે તપાસ કરી હતી. દરમિયાન માતાએ મોબાઈલમાં રહેલા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ તપાસ્યા હતા અને દીકરીના પ્રેમ પ્રકરણની જાણ થઈ. જનેતાએ આ સ્થિતિને ગંભીરતાથી લઈ મહેસાણાની અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો.

અભયમ ટીમે સ્થળ પર આવીને સગીરાનું કાઉન્સેલિંગ કર્યું હતું. અભયમની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી અને કિશોરીને આ આભાસી પ્રેમસંબંધમાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી. અભયમની ટીમ દ્વારા કિશોરીને સમજાવવામાં આવ્યું કે આ પ્રકારના સંબંધો કેટલા જોખમી અને ભ્રમજનક હોઈ શકે છે. એટલું જ નહીં, તેમણે સગીરાને સમજાવ્યું કે તેની ઉંમરના ઘણા યુવાનોએ અભ્યાસ પર ધ્યાન આપી સફળતા મેળવી છે. કાઉન્સેલરે તેને પરિવારની લાગણીઓ સમજવા અને જીવનના મહત્વપૂર્ણ નિર્ણયો લેતા પહેલા પરિવારનો સાથ લેવાની સલાહ આપી.

કાઉન્સેલિંગ બાદ સગીરાને પોતાની ભૂલનું ભાન થયું. તેણે માતાની ઈચ્છાને માન આપી પ્રેમ સંબંધ તોડી નાખ્યો હતો. આ રીતે એક માતાએ સમયસર સતર્કતા દાખવી અને ૧૮૧ હેલ્પલાઈનની મદદથી પરિવારની પ્રતિષ્ઠા જાળવી રાખી.

# ઊંઝા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પ્રતાપગઢમાં ધરોઈ પીવાના પાણીની પાઈપલાઈનની સમસ્યા અંગે રજૂઆત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

ઊંઝા મામલતદાર કચેરી ખાતે ગુજરાત રાજ્ય સરકારનો તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અનેક અરજદારોએ તેમના વિવિધ પ્રશ્નો અને રજૂઆતો સાથે હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન જનહિતના પ્રશ્નોની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ઊંઝા તાલુકાના પ્રતાપગઢ ગામમાં ધરોઈ પીવાના પાણીની પાઈપલાઈન બંધ થઈ જવાની સમસ્યા અંગે રજૂઆત કરવામાં આવી હતી.




અનુસૂચિત જાતિના અરજદારે રસ્તા પર અવરજવર માટે પાકા નાળાની માંગણી કરી હતી. વધુમાં, ઊંઝા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ડી.ટી. ઝાલાએ ડાભી ગ્રામજનો વતી એક મહત્વપૂર્ણ રજૂઆત કરી હતી. તેમણે બાલીસણા ગામને જોડતા કાચા માર્ગને ડામર રોડમાં ફેરવવાની જરૂરિયાત દર્શાવી હતી.


STATUE OF UNITY
ગુજરાત સરકાર
Gujarat Tourism
શ્રીમતી દ્રૌપદી મુર્મુ
ભારતના માનનીય રાષ્ટ્રપતિનું
ગુજરાતના એકતાનગર સ્થિત
સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં ભાવભર્યું સ્વાગત છે.
અખંડ ભારતના મહાન નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલનું
એક એવું સ્મારક કે જે તેમની દૂરંદેશી, મક્કમતા અને નેતૃત્વને મૂર્તિમંત કરી રહ્યું છે.
26 અને 27 ફેબ્રુઆરી, 2025
વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા અને રાષ્ટ્રીય સ્મારક તરીકે સ્ટેચ્યૂ ઑફ યુનિટી રાષ્ટ્રના
નાગરિકોમાં અખંડિતતા, સામર્થ્ય અને અતૂટ ધૈર્યનો ભાવ જગાવે છે.
સરદાર સરોવર ડેમ
જંગલ સફારી
આરોગ્ય વન
મિયાવાકી ફોરેસ્ટ
વેલી ઑફ ફ્લાવર
બટરફ્લાય ગાર્ડન
ડાયનો ટ્રેલ
કેક્ટસ ગાર્ડન
ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક
યુનિટી ગ્લો ગાર્ડન
UNITY GLOW GARDEN
સ્ટેચ્યૂ ઑફ યુનિટી વિશે
વધુ જાણવા માટે
QR સ્કેન કરો.
સ્ટેચ્યૂ ઑફ યુનિટીથી અંતર:
• રાજપીપળાથી 22 કિ.મી. દૂર
• વડોદરાથી 90 કિ.મી. દૂર
• સુરતથી 150 કિ.મી. દૂર
• અમદાવાદથી 200 કિ.મી. દૂર
પરિવહનના વિકલ્પો
એકતા નગર, 12 કિ.મી.
એકતા નગર (EKNR), 12 કિ.મી. | વડોદરા (BRC), 90 કિ.મી.
વડોદરા (BDQ), 94 કિ.મી.

# શિષ્યવૃતિ મુદે વિધાનસભામાં ધમાલ : કોંગ્રેસનો વોક આઉટ

# આદિવાસી સમાજના મેનેજમેન્ટ કવોટામાં અભ્યાસ પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને સરકારી શિષ્યવૃતિ નહી

**સરકારે સ્પષ્ટતા કરી : આદિવાસી સમાજના વિદ્યાર્થીઓમાં ફકત મર્યાદિત વિદ્યાર્થીઓને જ શિષ્યવૃતિ નહી મળે : જો કે ગૃહના મધ્યમાં ધસી આવેલા ધારાસભ્યોને સાર્જન્ટની મદદથી બહાર કઢાયા**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૫




ગુજરાતમાં વિધાનસભાના બજેટ સત્ર સમયે આદિવાસી વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ મુદે આજે જબરો હોબાળો થયો હતો અને આમ આદમી પાર્ટીના એક તથા કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોને બહાર કઢાતા તેના વિરોધમાં પુરા કોંગ્રેસ પક્ષે વોકઆઉટ કર્યો હતો.

આજે પાંચમા દિવસની કામગીરી શરૂ થતા જ આદિવાસીઓની શિષ્યવૃતિના મુદે હોબાળો શરૂ થયો હતો.આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ આ મુદો ઉઠાવ્યો હતો તો તેનો જવાબ આપતા શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે જવાબ આપ્યો હતો કે જે આદિવાસીઓએ મેનેજમેન્ટ કવોટામાં ઉંચી ફી ભરીને પ્રવેશ લીધો છે.

તેઓને જ શિષ્યવૃતિ મળશે નહી તે નિર્ણય લેવાયો છે પણ ગરીબ કે અન્ય આદિવાસીઓની શિષ્યવૃતિ યથાવત રહેશે.

હવે આદીવાસીઓ માટે જે સરકારી કવોટા છે તેમાં પ્રવેશ મેળવનારને શિષ્યવૃતિ અપાશે જે યથાવત જ છે. જો કે શિક્ષણમંત્રીના જવાબથી વિપક્ષને સંતોષ થયો ન હતો અને ‘આપ’ના ચૈતર વસાવા અને કોંગ્રેસના ત્રણ આદિવાસી ધારાસભ્યો ગૃહની મધ્યમાં ધસી આવ્યા હતા.

શિષ્યવૃતિ ચાલુ કરોનો નારા લગાવ્યા હતા તથા ગૃહનું કામકાજ ખોરવી નાખ્યુ હતું. જેના પગલે સીનીયર મંત્રી ઋષીકેશ પટેલે ગૃહના મધ્યમાં ધસી આવેલા ધારાસભ્યોની સામે પગલા લેવાની માંગ કરી હતી.

અધ્યક્ષે તેઓને બહાર જવા જણાવ્યું હતું પણ આ ધારાસભ્યોએ તેમના સૂત્રોચ્ચાર ચાલુ જ રાખતા અંતે સાર્જન્ટને બોલાવીને તમામને બહાર કઢાતા તેના વિરોધમાં કોંગ્રેસના બાકી તમામ ધારાસભ્યોએ વોકઆઉટ કર્યો હતો.

‘આપ’ના નેતા શ્રી ચૈતર વસાવાએ જણાવ્યું કે, તા.૨૮ ઓકટોના ઠરાવથી સરકારે આ શિષ્યવૃતિ બંધ કરી છે જે ફરી શરૂ થવી જોઈએ. જો કે સરકારે સ્પષ્ટ કર્યુ કે મર્યાદીત વિદ્યાર્થીઓ જે મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ મેળવે છે તે સુખી કુટુંબના છે. તેઓને શિષ્યવૃતિની આવશ્યકતા નથી.

## સાબરકાંઠા જિલ્લામાં મકાન-દુકાન ભાડે આપતા પહેલા પોલીસને જાણ કરવી

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૫

સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઔધોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતી સાથે સંકળાયેલ કોઈ વ્યકિત સ્થાનિકે ભાડેથી મકાન/ દુકાન/ ઔધોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી લલીત નારાયણ સિંઘ સાંદુ તેમને મળેલ સત્તાની રૂઈએ સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ ઔધોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નીચે મુજબની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ ઔધોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહીં. ભાડે આપેલ મકાન/ દુકાન/ઔધોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ જાહેરનામું તા. ૨૫ એપ્રિલ ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

### સિવિલ જજની પરીક્ષામાં બેસવા કાયદા સ્નાતકોને પ્રેક્ટિસનું પ્રમાણપત્ર આપવા બાર કાઉન્સિલને ગુજરાત હાઇકોર્ટનો હુકમ

# વિદ્યાર્થીઓ જે કોલેજમાં ભણ્યા તેને બીસીઆઈની માન્યતા ન હોવાથી અગાઉ પ્રોવિઝનલ સર્ટિફિકેટ અપાયા નહોતા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૫

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત (બીસીજી) દ્વારા સિવિલ જજ પરીક્ષામાં બેસવા માટે પ્રોવિઝનલ પ્રેક્ટિસ સર્ટિફિકેટ ન આપવાને કારણે કેટલાક કાયદા સ્નાતકોએ ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે.

બીસીઆઈએ તેઓ જે કોલેજમાં ભણતા હતા તેને માન્યતા ન આપીને અને પછી તેમને પ્રેક્ટિસ માટે પ્રોવિઝનલ સર્ટિફિકેટ આપવાનો ઈક્રાર કરી દેતાં વિદ્યાર્થીઓ અનિશ્ચિતતામાં મુકાયા છે.

દરમિયાન, હાઈકોર્ટએ બીસીજી પર આકરા પ્રહારો કર્યા અને તેમને શરતી પ્રેક્ટિસ પ્રમાણપત્ર આપવાનો આદેશ આપ્યો છે. જેથી તેઓ ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવનારી સિવિલ જજ ભરતી પરીક્ષા માટે અરજી કરી શકે.




ઉલ્લેખનીય છે કોલેજોને માન્યતા નહીં મળી હોવાથી ત્યાં ભણનાર વિદ્યાર્થીઓને સનદ નહીં આપવાનો નિર્ણય કરાયો હતો. દરમિયાન, ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે અને હાઈકોર્ટે એ બીસીજીને પ્રોવિઝનલ પ્રેક્ટિસ સર્ટિફિકેટ આપવાનો આદેશ આપ્યો છે.જેથી તેઓ ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશનમાં બેસવા સક્ષમ બને. દરમિયાન, કાયદા સ્નાતકો નેહા દ્વિવેદી અને જયદીપ વાણીયાએ હાઈકોર્ટ સમક્ષ અરજી દાખલ કરી હતી કારણ કે બીસીજીએ તેમને પ્રેક્ટિસ કરવા માટેનું લાઈસન્સ નથી આપ્યું. જે સિવિલ જજની ભરતી માટે અરજી કરવા માટે ફરજિયાત છે.

કેસની વિગતો મુજબ, હાઈકોર્ટમાં અરજી કરનાર અરજદારો તેમની સંબંધિત કોલેજોમાંથી એલએલબી ડિગ્રી કોર્સના વિદ્યાર્થીઓ છે. તેમણે ગુજરાત હાઈકોર્ટ દ્વારા જારી કરાયેલ સિવિલ જજની ભરતીમાં ભાગ લેવાની મંજૂરી આપવા માટે કોર્ટનો નિર્દેશ માંગ્યો હતો.

અરજદારો પાસેથી ફી અને સંબંધિત દસ્તાવેજો સ્વીકારવા છતાં ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા તેમના પ્રોવિઝનલ પ્રેક્ટિસ સર્ટિફિકેટ ન આપવાને કારણે બીસીજી અરજદારોને સિવિલ જજની પરીક્ષામાં હાજર રહેવાની મંજૂરી આપી રહ્યું નથી.ધુમાં રજૂઆત કરી છે કે, ગયા વર્ષે ૨૧ ઓક્ટોબરે, હાઈકોર્ટે બાર કાઉન્સિલને પ્રોવિઝનલ પ્રેક્ટિસ સર્ટિફિકેટ આપવાનો નિર્દેશ આપ્યો હતો. તેથી આ કિસ્સામાં પણ પ્રમાણપત્ર આપવું જોઈએ. જસ્ટિસ નિરઝર દેસાઈએ બીસીજીને તેમને પ્રમાણપત્રો આપવાનો આદેશ આપ્યો છે.

# ગાંધીનગરમાં ભારત-પાકિસ્તાનનો મેચ લગ્ન કરતાં કરતાં નિહાળ્યો!!

**લગ્નના દિવસે જ ભારત - પાકિસ્તાનની વન - ડે મેચ આવી એટલે ગાંધીનગરનાં પાર્થ પટેલ અને રાંધેજાની માનસી પટેલ મેચ માણવાનો લહાવો છોડવા માગતાં નહોતાં, પરિણામે પાર્ટી - પ્લોટમાં LED સ્ક્રીન મુકાવીને પોતે પણ મેચ જોઈ અને તમામ જાનૈયાઓ - માંડવિયાઓએ પણ લગ્નની સાથોસાથ મેચની મજા માણી**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૫

દુબઈમાં ભારત-પાકિસ્તાન વચ્ચે રમાયેલી એક્સાઈટિંગ વન-ડે મેચમાં ભારતે રોમાંચક વિજય મેળવ્યો હતો એ સમયના સાક્ષી બનવા માટે કરોડો ક્રિકેટચાહકો એ મેચ જોવાનું ચૂક્યા નહોતા.

ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગર નજીક આવેલા રાંધેજાના પાર્ટી-પ્લોટમાં ક્રિકેટક્રેઝી કપલ પાર્થ અને માનસી પટેલે તેમનાં લગ્ન દરમ્યાન એકસાઈટિંગ મેચનું લાઈવ પ્રસારણ જોઈને જીવનની



નવી ઈનિંગ્સની શરૂઆત કરી હતી અને વિરાટ કોહલીના વિનિંગ શોટને ચિયરઅપ કરીને દાંપત્યજીવનમાં પગલાં માંડ્યાં હતા.

લગ્નના દિવસે જ ભારત-પાકિસ્તાનની વન-ડે મેચ આવતાં ગાંધીનગરમાં રહેતા પાર્થ પટેલ અને રાંધેજામાં રહેતી માનસી પટેલ એ મેચ માણવાનો લહાવો છોડવા માગતાં નહોતાં એટલે લગ્નના દિવસે પાર્ટી-પ્લોટમાં અંદાજે ૧૫ ફુટ મોટી ન્ઈઙ્ઘ સ્ક્રીન મુકાવીને પોતે પણ મેચ જોઈ અને જાનૈયાઓ તથા માંડવિયાઓએ પણ લગ્નની સાથોસાથ મેચની મજા માણી હતી.

# મહાશિવરાત્રી મોક્ષકારી રાત્રી છે જેથી તેને નિર્ગુણ, નિરાકાર ઉપાસના રાત્રી પણ કહેવાય છે



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

આજે હરહરભોલેના નાદથી શિવાલયોમાં અભિષેક આરાધના માં શિવભક્તો તલ્લીન બનશે. બુધવારે મહાશિવરાત્રી એટલે શિવ પૂજન થશે. થરા ઝાઝાવડા વાળીનાથ મહાદેવ જે સમસ્ત ભરવાડ ગૌપાલક સમાજની ગુરૂ ગાદીએ શિવરાત્રિનો મહિમા મેળો ભરાય છે ‘એક બિલવમ શિવા પર્ણમ‘

બમ બમ ભોલેનો નાદ શિવાલયો માં ગુંજી ઉઠશે:અભિષેક, લઘુરૂદ્ર, મહારૂદ્ર,જાપના ભવ્ય આયોજનો ભગવાન શિવ, ભોળાનાથએ દરેક વ્યકિતના પ્રિય ભગવાન છે. ભોળાનાથ એ એવા ભગવાન છે જે માત્ર અભિષેક દર્શન અને બિલ્વપત્ર થી જ રાજી થઈ જાય છે. બુધવારે સમગ્ર ભારતમાં મહાશિવરાત્રીની ઉજવણી થશે. આ દિવસે ભગવાન શિવના ભકતો શિવાલયોમાં શિવશંકરની પુજા અર્ચના કરશે.

શિવલીંગ પર અભિષેક અને બિલ્વ પત્ર ચઢાવશે અને ભાંગનો પ્રસાદ ગ્રહણ કરશે.શિવ અને જીવનું મિલન એટલે મહા શિવરાત્રીનો મહાયોગ માનવામાં આવે છે તો બીજી તરફ પ્રયાગ રાજમાં મહાકુંભમાં દેશની અડધી જન સંખ્યાએ પાપ ધોવા પવિત્ર સ્નાન કરી ધન્યતા અનુભવી અને ભવનાથના મીની કુંભ અને પ્રયાગ રાજમાં મહાકુંભની સમાપ્તિ થશે. આ વર્ષે શિવરાત્રી બુધવાર હોવાથી વિશેષ મહત્વ ધરાવે છે.

હિન્દુ પુરાણોમાં મહાશિવરાત્રી માટે કોઈ એક નહીં પણ અનેક કથાઓ છે. મહાશિવરાત્રી એ ભગવાન શિવ શિવલિંગરૂપે પ્રકટ થયા તેથી જ આ દિવસે શિવલીંગની ખાસ પુજા કરાય છે. શિવપુરાણ પ્રમાણે મહાશિવરાત્રી ના દિવસે શિવભકતો દ્વારા પુજા અર્ચના અને અભિષેક કરવામાં આવે છે.જો કે આખા વર્ષ દરમિયાન આવનારી ૧૨શિવરાત્રી ઓમાંથી મહાવદ ચૌદસની શિવરાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવવામાં આવે છે.

મહાદેવજીના ત્રિનેત્ર સમાન-બ્રહ્મા વિષ્ણુ મહેશ સમાન મહાદેવને અર્પણ કરાય છે.બિલીપત્ર અર્પણ કરવાથી ધનની પ્રાપ્તી થાય છે. આર્થિક સુખાકારીમાં વધારો થાય છે અને ઘરમાં શુભલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.બિલ્વપત્ર ચઢાવવાથી વાજેતૈય યજ્ઞ એટલે હજારો યજ્ઞ કર્યાનું પુણ્ય મળે છે.

બિલ્વપત્ર ત્રણ,પાંચ સાતની સંખ્યામાં આવે છે.પાંચ અને સાત ની સંખ્યામાં મળે તો ચઢાવી અભિષેક કરી તેની દરરોજ પુજા કરવાની દરદ્રિતા આવતી નથી. બિલ્વના દર્શન કરવાથી જીવનના પાપો નષ્ટ થાય છે. બિલ્વપત્રનું ફળ બિલુ લક્ષ્મીદાયક છે.ઘરમાં બિલાનું ફળ રાખવુ શુભ છે.

ભગવાન ભોળાનાથની આરાધના સાધના કરવાથી સઘળા, પાપ, તાપ,સંતાપ આધી વ્યાધી,ઉપાધિ દુર થાય છે.ભગવાન શંકર શકિત ના મહાપૂંજ છે માટે જ ભગવાન ભોલેનાથની પુજા,અર્ચના, આરાધના કરવાથી અંગ-અંગમાં અંજળ આભા ઉભરે છે.જીવન મંગલમય બને છે.

ભગવાન મહાદેવ મૃત્યુંજયી છે અતઃ દરેક પ્રકારના અકસ્માત તથા અકાળ મૃત્યુનો ભય મહામૃત્યુંજય જાપ ત્ર્યંબકમ યજામહે સુગંધિપુષ્ટી વર્ધનમથી ટળે છે.ભગવાન શંભુ સૌભાગ્ય દાતા છે.મા પાર્વતી ઈચ્છિત વર દાતા છે તેમનું નિત્ય પુજન અર્ચન કરવાથી મનના મનોરથો પૂર્ણ થાય છે.આ ભોળા ભંડારીને ભાવ થી ભજેએ તુરંત રીઝે.આ અથૌડ દાની,આશુતોષ ને પ્રસન્ન કરવાનો પર્વ એટલે મહાશિવરાત્રી.

મહાશિવરાત્રીએ વાસ્તવમાં રૂદ્રોત્સવ છે અને જન્મથી મૃત્યુ સુધીનો આ ઉત્સવ કહેવાય છે. આ દિવસે પશુપતિનાથે તાંડવ નૃત્ય કર્યું હતું માટે તેને પ્રલયકારી એટલે મોક્ષરાત્રી પણ કહેવાય છે. મહાશિવરાત્રી મોક્ષકારી રાત્રી છે જેથી તેને નિર્ગુણ, નિરાકાર ઉપાસના રાત્રી પણ કહેવાય છે. જયારે શિવનો સામાન્ય અર્થ થાય કલ્યાણ કરનાર,સદા સૌનુ કલ્યાણ કરે તે શિવ.શિવનો અન્ય અર્થ થાય ‘શ‘ એટલે નિત્યસુખ ‘ઈ‘ એટલે પુરૂષ અને ‘વ‘ એટલે શકિત આ ત્રણેયનો ત્રિવેણી સંગમ એટલે શિવ.

મહત્વનું છે કે સમગ્ર ભારતમાં બાર જયોતિર્લિંગ છે અને આ બાર જયોતિર્લિંગ તેની આગવી વિશેષતાઓ છે.કાશી વિશ્વનાથ જયોતિલિંગ એવી માન્યતા છે કે સંસારમાં પ્રલય આવશે તો પણ ભગવાન શિવનું આ સ્થાન અખંડિત રહેશે.સોમનાથ જયોતિર્લિંગ એ ભારતનું જ નહીં પરંતુ વિશ્વનું પ્રથમ જયોતિર્લિંગ છે. શિવપુરાણ પ્રમાણે એવી માન્યતા છે કે ચંદ્રમાએ આ સ્થાન પર જ તપ કરી શ્રાપથી મુક્તિ મેળવી હતી મલ્લિકાર્જુનનું મહત્વ કૈલાશ પર્વત જેટલું છે.મહાકાલેશ્વર જયોતિર્લિંગ ઓમકારેશ્વર, કેદાર નાથ ભીમાશંકર,ત્ર્યંબકેશ્વર બૈદ્ય નાથ,નાગેશ્વર,રામેશ્વર,કૃષ્ણેશ્વર જયોતિર્લિંગ સાથે ભગવાન શિવ નો મહિમા જોડાયેલો છે.જીવ અને શિવને જોડતી આ મહાશિવ રાત્રીએ દરેક શિવાલયોમાં શિવનો અભિષેક રૂદ્રાભિષેક,મહારૂદ્ર, લઘુ રૂદ્રનું ભવ્ય આયોજન કરવામાં આવે છે.ભગવાન ભોળેનાથને રીઝવવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે.

આપણા દેશમાં તો પચાસ ટકા લોકો પોતાના પાપ મહાકુંભમાં ધોઈ સ્વરછ બન્યા છે પચાસ ટકા લોકો કોઈ પાપ કર્યા નથી કે કરવાના નથી તેવી સ્થિતિ માં હવે પાપ થવાના જ નથી એટલે આપણે સદા શિવ ભગવાન ભોળાનાથ દેવોના દેવ મહાદેવ પૃથ્વીલોક પર શાંતિ સમૃદ્ધિની લહેર પ્રસરાવે તેવી પ્રાર્થના કરીએ કે હવે આ હવા સર્વત્ર ફેલાય..સૌને મહાશિવરાત્રી ની શુભકામના પાઠવું છું જય ભોલે અસ્તુ.

**આજે શિવલિંગ અભિષેક રૂપે શિવરાત્રીના ચાર પ્રહરની વિગત જાણીએ આપણા હિન્દુ પંચાંગ પ્રમાણે સુર્યોદયથી દિવસ-વારની શરૂઆત થાય છે.આમ સુર્યોદય થી બીજા દિવસના સુર્યોદય સુધી ની ૨૪ કલાકમાં ૮ પ્રહર આવે તેમાં દિવસના ચાર પ્રહર અને રાત્રીના ચાર પ્રહર શિવરાત્રીના દિવસે રાત્રીના ચાર પ્રહરની પુજાનું મહત્વ વધારે છે,જે દિવસ આથમ્યાથી શરૂ થાય છે.પ્રથમ પ્રહર સાંજે ૬:૫૦થી ૯:૫૪ કલાક સુધી, બીજો પ્રહર રાત્રી ૯:૫૪ થી ૧૨:૫૯ કલાક સુધી, ત્રીજો પ્રહર રાત્રે ૧૨:૫૯થી ૪:૦૨ કલાક સુધી,ચોથો પ્રહર રાત્રે ૪:૦૨ થી ૭:૦૬ કલાક સુધી નિશિથકાળ રાત્રે ૧૨:૩૪થી ૧:૨૨ શિવરાત્રીમાં ચાર પ્રહરની પુજા કરવામાં આવે છે.જેમાં પહોરમાં જળધારા કરી ચંદન ચોખા અને કમળ વડે પુજા કરવી બીજા પ્રહરમાં મહાદેવજી ને દુધ અને જળધારા કરી શ્રીફળ અને બિલીપત્ર અર્પણ કરવા, ત્રીજા પ્રહરમાં મહાદેવજીને જળધારા કરી ત્યારબાદ ઘઉં અને આંકડા ના પુષ્પ ચડાવવા, ચોથા પ્રહરમાં દુધ અને જળધારા કરી નૈવેધમાં શાક તથા દાડમનું અર્ઘ આપવું સાથે અડદ કાંગથી પણ પુજન કરી શકાય નૈવેધમાં દુધનું મિષ્ઠાન અર્પણ કરવું. આમ ચાર પ્રહરની પુજા કરવાથી ભકતોનું કલ્યાણ થાય છે.અત્રાધ મહા માંગલ્યપ્રદે માસોતમે માસે અમુક માસે, અમુક પક્ષે, અમુક તિથી,અમુક વાસરે એવું ગ્રહણમ વિશિષ્ટાયાં શુભ પુણ્ય તિથી અનેન (મારા મનના મનોરથ ની સફળતા અને સંકટોના નિવારણ માટે) ભગવાન સામ્બ સદા શિવ પ્રીત્યાર્થે રૂદ્રાભિષેક મહંકરિષ્યે.ત્યારબાદ ૐ નમઃ શિવાય મંત્રની એક માળા કરી અભિષેક કરવો.**



# ગુજરાત રાજ્યમાં હેલ્મેટ ડ્રાઈવ ઈવેન્ટ જેવી; લોકો પણ બેદરકાર હેલ્મેટ વગર દ્વિચક્રી અકસ્માતોમાં માથામાં ઈજા થવાના કેસ ૭૪%; વધુ એક અભ્યાસમાં તારણ

## વેલ્લોર મેડીકલ કોલેજનું તારણ : દેશમાં અકસ્માતથી મૃત્યુમાં ૪૫% કેસમાં દ્વિચક્રી વાહનોનો સમાવેશ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૫

દેશમાં દ્વીચક્રી વાહન ચાલકો માટે હેલ્મેટ એ જીવતદાન પણ પુરવાર થઈ શકે છે. કમનસીબે ગુજરાતમાં જ તેના અમલ માટે જાગૃતિ નથી અને સરકાર પણ કોઈ ઈવેન્ટની જેમ વર્ષમાં એક-બે વખત હેલ્મેટ ડ્રાઈવ ચલાવીને સંતોષ માને છે.



હાલમાં જ કેરળની ક્રિશ્ચીયન મેડીકલ કોલેજ વેલ્લોર એ કરેલા એક સર્વે મુજબ દ્વીચક્રી અકસ્માતમાં વાહનમાં પ્રવાસ કરનારને માથાની ઈજા થવાની સંભાવના સૌથી વધુ હોય છે અને તે શકયતા ૭૦% વધી જાય છે. હેલ્મેટ પહેરનારને માથાના ઈજાની શકયતા ૧૫% જ રહે છે.

માર્ચ ૨૦૧૩થી સપ્ટે. ૨૦૧૯ના સમયગાળામાં વેલ્લોરની તથા અન્ય ઓર્થોપેડીક ટ્રૂમા હોસ્પીટલમાં દ્વીચક્રી વાહનોને થયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્તો કે મૃતકોના શરીરની ઈજાનો અભ્યાસ કરાયા બાદ આ પ્રકારનું તારણ આપવામાં આવ્યું હતું.

જયાં ભારતમાં ૨૦૨૩માં જે માર્ગ અકસ્માત થયા તેમાં ટુવ્હીલર ચલાવતા ૭૭૫૩૯ લોકોના મૃત્યુ થયા જે અકસ્માતમાં કુલ મૃત્યુના ૪૫% હતા અને આ પ્રમાણ વધતુ જાય છે. આ પ્રકારના અકસ્માતમાં જેઓને ગંભીર ઈજા થઈ હતી તેમાં ૩૧૭૨ લોકો જેમાં ટ્રૂમા સેન્ટરમાં દાખલ કરવાની ફરજ પડી હતી જે મલ્ટીપલ ઈજા દર્શાવતા હતા તેમાં પણ ફકત ૧૩ લોકોએ હેલ્મેટ પહેરી હતી. જો કે ત્રીજા ભાગના શરાબની અસર હેઠળ હતા તે પણ નોંધાયુ છે.

બ્રિટનની કેમ્બ્રીજ યુનિ.ના રીસર્ચર દ્વારા તૈયાર કરાયેલ એક અભ્યાસ પેપર જે સીએમસી ન્યુરોલોજીકલ સામાન્ય ડિપાર્ટમેન્ટ, યુનિવર્સીટી ઓફ એથેન્સ વિ.ના અભ્યાસનો પણ સમાવેશ કરાયો જેમાં જણાવાયુ કે ઓછી ઈજા કોઈ વખત પડી જવાથી થાય છે તો રાહદારી અને ટુ વ્હીલર વચ્ચેના અકસ્માતમાં થોડી વધુ ઈજા થવાનો સંભવ છે.

ખાસ કરીને ઓછી કે મધ્યમ આવક ધરાવતા દેશોમાં આ પ્રકારે માર્ગોની ખરાબ હાલત, ટ્રાફિક સેન્સનો અભાવ, વધુ પડતા ગીચ માર્ગો અને તેમાં હેલ્મેટ વગરનું ડ્રાઈવીંગ એ ઈજા વધારે છે.

---

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી ઉન્નતિ વિદ્યાલય સણવાલ ખાતે ધોરણ ૧૦અને૧૨નો શુભેચ્છા સમારોહ યોજાયો



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૨૫

સરહદી વિસ્તારમાં આવેલી સ્વ.એમ બી ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વાવ તાલુકાના સણવાલ ગામે શ્રી ઉન્નતિ વિધાલય માધ્યમિક શાળા માં આજરોજ ધોરણ ૧૦અને ૧૨ના વિધાર્થીઓનો દીક્ષાંત સમારોહ યોજાયો હતો ધોરણ ૯અને ૧૧ના વિધાર્થીઓ દ્વારા વ્યક્તવ્ય તેમજ વિદાય ગીત રજૂ કરવામાં આવ્યા હતું.

કાર્યક્રમ અંતે ધોરણ ૯થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને શિક્ષક સ્ટાફ દાતા બનીને બોલ પેન આપવામાં આવી હતી કાર્યક્રમ ના અંતે શાળા ના સ્ટાફ દ્વારા વિધાર્થીઓને શિક્ષણ લક્ષી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી પરીક્ષા માટે માહિતી આપવામાં આવી હતી પરીક્ષા અને શાળાના પ્રમુખ શ્રી ગણેશ દાન ગઢવી દ્વારા બાળકો ને તિથિ ભોજન પણ આપવામાં આવ્યું હતું તમામ વિદ્યાર્થીઓને ખુબ જ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો

---

ધોરણ-૧૦ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ)ની બોર્ડની પરીક્ષા નો શુભારંભ થઈ રહ્યો છે

## સાબરકાંઠામાં ધો.૧૦-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ બોર્ડની પરીક્ષા માટે જિલ્લા વહિવટીતંત્ર સજ્જ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૫

દર વર્ષની જેમ શરૂ વર્ષે તા.૨૭/૦૨/૨૦૨૫ થી ધોરણ-૧૦ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ)ની બોર્ડની પરીક્ષા નો શુભારંભ થઈ રહ્યો છે.આ વર્ષે ધોરણ-૧૦ના કુલ ૪૧ અને ધોરણ-૧૨ના કુલ ૨૬ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવનાર છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર માર્ગદર્શન અને માન.કલેકટરશ્રી સાબરકાંઠાના અધ્યક્ષ સ્થાને ટીમ સાબરકાંઠા દ્વારા તમામ વિધાર્થીઓ કોઈપણ પ્રકારના ડર કે માનસિક તણાવ વગર શાંતચિતે પરીક્ષા આપી શકે તે માટેની તમામ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તમામે તમામ ૧,૩૧૪ પરીક્ષા ખંડ cctv કેમેરાથી સજ્જ કરવામાં



આવેલ છે.સાથે સાથે બોર્ડ દ્વારા વિજીલન્સ સ્કવોર્ડ અને સ્થાનિક સ્કવોર્ડ તથા જિલ્લાના વિવિધ વિભાગોના વર્ગ-૦૧ અને વર્ગ-૦૨ ના અધિકારીશ્રીઓની ઓબ્ઝર્વર તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.પરીક્ષા પૂર્ણ થયા બાદ તમામ ષ્ઠષ્ઠંદ્વ ફૂટેજનું નિરીક્ષણ કરવામાં આવશે. ગત વર્ષે પણ બોર્ડ દ્વારા cctv ફૂટેજના આધારે ૧૯૫ જેટલા પરીક્ષાર્થીઓ સામે કાર્યવાહી કરેલ હતી. શરૂ વર્ષે પણ જો કોઈ ગેરરીતી કરતા જણાશે તો તે બાબતનો અહેવાલ બોર્ડ કચેરીને મોકલી આપવામાં આવશે. અને બોર્ડ દ્વારા સંબંધિતોની સામે નિયમાનુસાર પગલા લેવામાં આવશે.એમ જિલ્લા શિક્ષણાધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

---

જસરામાં જાતવાન અશ્વોના દિલધડક કરતબોથી લોકો મંત્રમુગ્ધ

## બુઢેશ્વર મહાદેવ મંદિર ઓમ નમઃ શિવાયના નાદ અને અશ્વોની હણહણાટીથી ગુંજી ઉઠ્યું

### છઠ્ઠા દિવસે રાજ્ય કક્ષાના અશ્વ મેળાની મોજ માણવા જનમેદની ઉમટી પડી

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૫

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જસરા ગામના બુઢેશ્વર મહાદેવ મંદિરે સાત દિવસીય અશ્વ મેળો અંતિમ ચરણમાં પહોંચ્યો છે. જેમાં જાતવાન અને પાણીદાર અશ્વોની કમાલ અને આનંદ મેળાની મોજનો રોમાંચ પરાકાષ્ટા વટાવી ગયો છે.આ મેળામાં ભાગ લેવા આવેલ ગુજરાત,કાઠિયાવાડ, પંજાબ અને રાજસ્થાનના પાણીદાર અશ્વોની વિવિધ કરતબો સાથે પોલીસ દળના અશ્વો પણ પોતાની દિલધડક કરતબો બતાવી રહ્યાં છે.

તેથી લાખણી તાલુકાનું નાનકડું એવું જસરા ગામ બુઢેશ્વર મહાદેવ મંદિરના 'ઓમ નમઃ



શિવાય' ના નાદ અને અશ્વોની હણહણાટીથી ગૂંજી ઉઠ્યું છે. આજે છઠ્ઠા દિવસે પોલીસ અશ્વ દળના ઘોડાઓ દ્વારા અશ્વનું પ્રદર્શન ટેંટ પેગીંગ, જમ્પીંગ જેવા શો યોજાયા હતાં.

પ્રદર્શનમાં ભાગ લેવા આવેલા અશ્વોએ આજે રેવાળ, પાટીદોડ અને નાચ કરીને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.મેળાની મોજ માણવા દૂરદૂરથી જનમેદની મોટી સંખ્યામાં ઉમટી પડી

---

### બોર્ડની પરીક્ષાને લઈને શિક્ષણ સમિતિના ચેરમેન માંગીલાલ પટેલે શુભેચ્છાઓ આપી



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૨૫

રાજ્યમાં બોર્ડની પરીક્ષા આપી રહેલ વ્હાલા વિધાર્થી ભાઈ બહેનોને બનાસકાંઠા શિક્ષણ સમિતિના ચેરમેન માંગીલાલ પટેલે પરીક્ષામાં ઝળહળતી સફળતા માટે હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવી હતી.

એમણે જણાવ્યું હતું કે પરીક્ષા શબ્દ જ થોડો અઘરો છે, પરીક્ષા માત્ર વિધાર્થી અવસ્થામાં જ નહીં જીવનની દરેક પરિસ્થિતિમાં માણસની પરીક્ષા થતી હોય છે મૂલ્યાંકન થતું હોય છે પરંતુ જે વ્યક્તિ હિંમતપૂર્વક ,દ્રઢતાપૂર્વક, નિર્ભય રીતે, આત્મવિશ્વાપૂર્વક સ્વમુલ્યાંકન માટે તત્પર બને તેને સફળતા મળે જ છે કુદરત પણ તેમને સાથ આપે છે.મને આપ સૌ માં શ્રધ્ધા છે કે તમે ખૂબ સારો અભ્યાસ કર્યો હશે આપની આ મહેનત ચોક્કસ રંગ લાવશે આપ સૌ પરીક્ષામાં સફળ બનીને જીંદગીમા કારકિર્દીનુ મહત્વનુ સોપાન સર કરશો અને માતા પિતાનુ કુટુંબનુ, સમાજનું રાહ તથા થરાદ શહેરનું નામ દિપાવશો.સમાજની અને રાષ્ટ્રની સેવા કરશો તથા શ્રેષ્ઠ કારકિર્દી ઘડીને નવા કીર્તિમાન સ્થાપશો તેવી હ્દય શુભકામનાઓ આપી હતી આપની જમીન અપના આકાશ બના આપના એક અલગ ઈતિહાસ બના માર્ગને સે મંઝિલ કહા મિલતી હે દોસ્ત અપને હર કદમ પર એક નયા ઈતિહાસ બના.

---

## જાહેર જગ્યાઓ તેમજ શાળા તેમજ કોલેજ ટ્યુશન ક્લાસીસો માટે અગ્નિશામક સુરક્ષાના 'ના વાંધા પ્રમાણપત્ર' એનઓસી લેવા ફરજીયાત

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૫

સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ તમામ સંસ્થાઓ , શોપીંગ મોલ, રેલ્વે સ્ટેશનો, એસ.ટી ડેપો, મંદીરો, હોસ્પીટલો (ખાનગી તથા સરકારી),બેંક વિસ્તારો, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ થિયેટરો, કોમર્શીયલ સેન્ટરો, પ્રાઈવેટ ટ્યુશન ક્લાસીસ,પેટ્રોલ પંપો, સી.એન.જી/ એલ.પી.જી.પંપો,ગેસ ગોડાઉન, સરકારી તથા પ્રાઈવેટ સ્કૂલ/કોલેજો તમામ કોર્ટ તેમજ મોટી જનમેદની એકત્ર થતી હોય તથા અવર જવર કરતી હોય તેવી જગ્યાઓએ તથા કાર્યક્રમોના સ્થળો,હોટલ,લોજ,ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામગૃહ,ટાઉન હોલ, ટોલ પ્લાઝા,જાહેર પાર્કીંગ, બોર્ડીંગ, બહુમાળી બિલ્ડીંગ,ભોયરા,રેસ્ટોરેંટ, ખાનગી તેમજ સરકારી સંસ્થાઓમાં સ્થળના માલીકોએ અથવા વહિવટકર્તાઓએ ફાયર સેફટી ઉપકરણો લગાડવા ફરજીયાત છે. તેમજ આ બધી જ જગ્યાઓ માટે "ના વાંધા પ્રમાણપત્ર" (NOC) લેવા ફરજીયાત છે.

અને સમયાંતરે ફાયર ઓફિસરશ્રીઓએ આ હુકમ અન્વયે સાબરકાંઠા જીલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ



અધિકારીઓના આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

---

## બનાસકાંઠામાં વાતાવરણ પલટો:રવિ પાકને નુકસાનની ભીતિ, ખેડૂતોમાં ચિંતાનો માહોલ

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૫

બનાસકાંઠા જિલ્લામાં અચાનક વાતાવરણમાં મોટો પલટો આવ્યો છે. બપોર બાદ આકાશમાં વાદળો છવાઈ ગયા છે. જિલ્લાના ડીસા, પાલનપુર, ધાનેરા, અમીરગઢ અને ઈકબાલગઢ સહિતના વિસ્તારોમાં વાતાવરણમાં આ પરિવર્તન જોવા મળ્યું છે.

આ સમયે રવિ પાક તૈયાર થવાની અણી પર છે. વાતાવરણમાં આવેલા આ અચાનક બદલાવથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો છે. ખેડૂતોને જીરું, રાયડો, ઘઉં, વરિયાળી અને બટાટા જેવા પાકોને



નુકસાન થવાની ભીતિ સતાવી રહી છે.

હવામાનમાં આવેલા આ પલટાથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. કારણ કે આ સમયે મોટાભાગના પાકો કાપણી માટે તૈયાર થઈ રહ્યા છે. વાદળછાયું વાતાવરણ અને વરસાદની આશંકા ખેડૂતો માટે મોટી ચિંતાનું કારણ બની છે.

---

## સશસ્ત્ર દળોના ગણવેશનો બીન અધિકૃત વેચાણ ઉપર પ્રતિબંધ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૫

રાજ્યના વિવિધ શહેરોમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સામ્ય ધરાવતા વસ્ત્રોનુ વેચાણ તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજિક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેર કાયદેસર પ્રવૃતિ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં બજારમાં બીન અધિકૃત રીતે વેચાણ તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ વસ્તુઓના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ હુકમ તા. ૨૫/૦૪/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનારને કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

---

## વિસનગરમાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉત્તીર્ણ થવા શુભકામનાઓ પાઠવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિધાર્થીઓ ની પરિક્ષા તા ૨૭-૨-૨૫ ને ગુરુવારે શરૂ થઈ રહી છે જેમાં વિસનગર ભારત વિકાસ પરિષદ પરિવાર ના સભ્યો ના બાળકો પણ ઉત્સાહ પૂર્વક પરિક્ષા આપી રહ્યા છે ત્યારે આજે રાત્રે વિધાર્થીઓ નો સમય બગડે નહીં તે રીતે ભારત વિકાસ પરિષદ વિસનગરની મહિલા ટીમ દ્વારા આ બાળકો ને ધોરણ ૧૦




અને ધોરણ ૧૨ બોર્ડ ની પરીક્ષામાં સફળતા મળે તેવા શુભ આશિષ સાથે શુભકામનાઓ પાઠવવા માં આવી હતી.

દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ સાથે અભ્યાસ ને લગતી કીટ ફાળવી હતી અને ચોકલેટ આપીને મ્હોં મીઠુ કરાવ્યું હતું.

શુભેચ્છા આપવા આવનાર દરેક બહેનો નો વાલી મિત્રોએ ખૂબ ભાવપૂર્વક આભાર માન્યો હતો. મહિલા ટીમ વતી દરેક વિદ્યાર્થીઓને પરીક્ષામાં ખુબ સફળતા મળે અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છા ઓ ભારત વિકાસ પરિષદ ની મહિલા પાંખ ના

હેમાબેન સોની (મહિલા સંયોજિકા) અને સહ સંયોજિકા રશ્મિ બેન ગુપ્તા.. સુહાગીની બેન પટેલ..મનીષાબેન પ્રજાપતિ.આશાબેન ચૌધરી અને મહેંક બેન પટેલ સહિત મહિલા ટીમ હાજર રહીને દરેક વિધાર્થીઓ ને પરિક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

---

## દાદરા નગર હવેલીમાં બેફામ એસટી ચાલકે મોપેડને ફંગોળતા બેના મોત

અમદાવાદ,તા.૨૫

એસ.ટી. અમારી સલામત સવારી'ના સ્લોગન સાથે ચાલતી બસે દાદરા નગરમાં બે લોકોના જીવ લીધા છે. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રોંગ સાઈડ પર ઘુસી ગઈ હતી. આ દરમિયાન બસે બે લોકોને અડફેટે લેતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. હાલ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

દાદરા નગર હવેલીમાં એસ.ટી. બસે સર્જેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. સેલવાસથી વાપી તરફ જઈ રહેલી આ બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રોંગ સાઈડમાં ઘૂસી ગઈ હતી. આ દરમિયાન સામેથી મોપેડ પર આવતાં બે લોકોને બસે અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. આ ગોજારા અકસ્માતમાં લવાસાના બે યુવકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતાં. હાલ, મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે મોકલવામાં આવ્યાં છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Volume : 10 Issue : 325 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002